Received on : 18-06-2026
Registered on : 18-06-2026
Decided on : 24-06-2026
Duration : Y M D
- - 06

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૯૬/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** એસાન ઉર્ફે લપ બાબુભાઈ મડમ,
ઉ.વ.આ.૨૦,ધંધો–મજુરી,
રહે.ભારતમીલના ઢોરાની સામે,
ચુનારાવાસ, જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબ.

**સંદર્ભ :–** જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી જે.આર.જોષી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧ (બી), તથા ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓએ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી એમ.એચ.હીરપરા, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી જે.આર.જોષીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબના ગુનાની ફરીયાદ આપવામાં આવેલ છે. હાલના કામે જે વાહનમાંથી મુદદામાલ મળી આવેલ છે તે હાલના કામના અરજદાર/આરોપીનો નથી. આ કામે મુદદામાલ વાહનની ડિકકીમાંથી મળી આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬ થી જામીન અરજી કરેલ હતી જે ગુનાની તપાસ ચાલુ હોય જેથી નામંજુર કરવામાં આવેલ હતી. આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે તેમજ તમામ પુરાવાઓ એકત્રીત કરી લેવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તપાસને કોઈ નુકશાન થાય તેમ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે પકડવામાં આવેલ મુદદામાલ જથ્થો ધ્યાને લેતા વધારે નથી. અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપી

જુનાગઢના સ્થાનીક રહેવાસી છે. જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, આ કામે અગાઉ પકડાયેલ આરોપી કેતન મનુભાઈ કંઝારીયાનાઓએ અત્રેની કોર્ટમાં ફો.પ.અ.નં.૪૫૮/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે મંજુર કરવામાં આવેલ. જયારે હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ હતી. આ કામે કોડાઈન ફોસ્ફેટ રાખેલ નશાકારક કેફી દ્રવ્યની કુલ–૫૩ બોટલો મળી આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી મુદદામાલ લેનાર છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી સામે તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ અન્ય ગુનાઓ નોંધાયેલ છે. જેથી જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી એમ.એચ.હીરપરા, બી.ડીવી. પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું આંક–૦૫ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધું. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપીએ આરોપી કેતન પાસેથી ગેરકાયદેસર રીતે ડોકટરના પ્રિસ્ક્રીપ્શન બીલ કે આધાર પુરાવા વગર નશાકારક કેફી દ્રવ્યનો જથ્થો મેળવી હાલના કામના અરજદાર/આરોપીની પોતાની કબજાની હોન્ડા એકટીવા રજી.નં.જીજે.૧૧.સી.એ.૦૪૫૩ વાળી લઈ વેચાણ કરવા અર્થે નીકળતા રેઈડ દરમ્યાન હાલના કામના અરજદાર/આરોપી રેકસક્રોન.ટી.કોડીન ફોસ્ફેટ અને ટ્રીપોલીડાઈન હાઈડ્રોકલોરાઈડ ઉધરસ લિન્કટસની શીલબંધ બોટલ નંગ–૫૩ જથ્થા સાથે મળી આવી જે દરેક બોટલના લેબલમાં દરેક ૫ મીલીમાં સામેલ છે. કોડીન ફોસ્ફેટ આઈપી ૧૦ મીલીગ્રામ હોય ૧૦૦ મીલી(એક બોટલ) ૨૦૦ મીલીગ્રામ કોડીન ફોસ્ફેટ લેખે બોટલ નંગ–૫૩, ૨૦૦ મીલીગ્રામ

૧૦.૬૦૦ મીલીગ્રામ જે કોડીન ફોસ્ફેટનો કુલ જથ્થો ૧૦.૬ ગ્રામ જથ્થો મળી આવેલ જે એક બોટલની કિં.રૂા.૧૫૪.૪૦ લેખે કુલ ૫૩ બોટલની કિં.રૂા.૮૧૮૩.૨ તથા મોબાઈલ તથા હોન્ડાના મુદદામાલ સાથે હાલના કામના અરજદાર/આરોપી પકડાઈ ગયેલ અને આરોપી નં.૨ કેતન મળી નહી આવી ગુનામાં એકબીજાની મદદગારી કરેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીના હવાલાની હોન્ડા એકટીવામાંથી કોડાઈન ડ્રગ્સ ધરાવતા ઉધરસની લીન્કટસ શીલબંધ ૫૩ બોટલ મળી આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સીધી રીતે સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે.

(૬) હાલના કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલના કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેના એન.ડી.પી.એસ.કેસ નં.૧૯/૨૦૨૬ રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ અગાઉ ફો.પ.અ.નં.૨૭૭/૨૦૨૬ થી જામીન અરજી કરેલ જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ હતી. જે નામંજુર કરવામાં આવેલ હોવાનું એક કારણ ગુનાની તપાસ ચાલુ હોય તે રહેલ હતું. હાલના કામેના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં આ કામે કબજે કરવામાં આવેલ માદક પદાર્થનો જથ્થો ધ્યાને લેતા ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. તેમજ હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી લાંબા સમયથી જેલમાં રહેલ છે તેમજ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપીને પ્રિ–ટ્રાયલ–કન્વીકશન ન થાય તે હકીકત ધ્યાને લેવાની રહે છે. વધુમાં આ કામે ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ હોય જેથી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડા થવાની શકયતા નહીવત રહેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી વખત આવા પ્રકારનો ગુનો કરશે તો તે બાબતે યોગ્ય તે શરત કરી શકાય તેમ છે. વધુમાં ના.સુપ્રિમ કાર્ટના sanjay Chandra v. Central Bureau of Investigation

(2012) 1 SCC 40 TYF Satender Kumar Antil v. CBI (2022 SCC OnLine SC 825) ના ચુકાદાના માર્ગદર્શક નિર્દેશન ધ્યાને લીધા. વધુમાં ફરીયાદપક્ષે આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર નહી મળી આવે અને ફરીવખત ગુનો કરશે તે બાબતે દહેશત દર્શાવેલ છે. તે બાબતે યોગ્ય કડક શરત કરી શકાય તેમ છે. જેથી ઉપરોકત ચર્ચા હાલના કામેના અરજદાર /આરોપીની યોગ્ય રકમના જામીન અને કડક શરતોએ જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

- હાલના અરજદાર/આરોપી એસાન ઉર્ફે લપ બાબુભાઈ મડમ, રહે.ભારતમીલના ઢોરાની સામે, ચુનારાવાસ, જુનાગઢવાળાની જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧ (બી), તથા ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

- અરજદાર/આરોપીને જુનાગઢ બી.ડી.પો.સ્ટે. ગુના રજી. નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૨૨૯/૨૦૨૬, એન.ડી.પી.એસ.એકટની કલમ ૮(સી), ૨૧(બી), તથા ૨૯ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**શરતો:**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ-લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય

તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રર્વત્તિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

૬. **<u>અરજદાર /આરોપીએ હુકમ તારીખથી નવ (નવ) માસ સુધી દર મહીનાની તા.૧ થી ૧૫ દરમ્યાન એક વખત અને તા.૧૬ થી ૩૦ દરમ્યાન એક વખત એમ મહિનામાં કુલ બે વાર સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે કલાક ૧૦.૦૦ થી ૧ .૦૦ દરમ્યાન હાજરી પુરાવવી</u>**.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ**,**
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)